ન્યુ ગુજરાત પેટર્ન

રાજ્ય કક્ષાના કામો

વર્ષ:૨૦૧૭-૧૮

ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ વર્ષ ૨૦૧૭-૧૮ માં ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી (જી.એસ.ટી.ઇ.એસ) હસ્તકની મુ.ચંદ્રાણા, તા.પોશીના, જિ.સાબરકાંઠા ખાતેની જી.એલ.આર.એસ. અને ઇ.એમ.આર.એસ શાળાની જમીન ફરતે કમ્પાઉન્ડ વૉલના બાંધકામના કામ માટે રૂ.। ૧૨૮.૯૬ લાખ મંજુર કરેલી યોજનાને વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક:એનજીપી/૧૦૨૦૧૭/૬૩૨/પી

સચિવાલય, ગાંધીનગર.

તારીખ:03/11/2018

વંચાણે લીધા :-

૧. આદિજાતિ વિકાસ વિભાગનો તા.૦૮/૦૫/૨૦૧૨ નો ઠરાવ ક્ર:એનજીપી/૯૯૧૦/૪૪૫/૧૩૯/પ

૨. કમિશનરશ્રી, કમિશનર આદિજાતિ વિકાસની કચેરીનો તા.૧૨/૦૭/૨૦૧૭નો પત્ર ક્રમાંક: અવક/અજન/૧/ફા.નં. ૩૦૭(ભાગ-૨)/૨૦૧૭/૧૭૫૩

૩. આદિજાતિ વિકાસ વિભાગની રાજય કક્ષાના કામોની પસંદગી સમિતીની તા.૨૧/૦૭/૨૦૧૭ની બેઠકની કાર્યવાહી નોંધ ક્ર:એનજીપી/૧૦૨૦૧૭/મંત્રી-૪૩/પી, તા.૧૯/૦૮/૨૦૧૭

૪. કાર્યપાલન નિયામકશ્રી, ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટીનો તા.૦૮/૧૨/૨૦૧૭નો પત્ર ક્ર:ટીડી/ઇ.એમ.આર.એસ /૨૦૧૭૪/૧૪૮૧/3/૧૨૬૧.

૫. મદદનીશ કમિશનર, ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટીનો તા.૧૬/03/૨૦૧૮નો પત્ર ક્ર:ટીડી/ઇ.એમ.આર.એસ/૨૦૧૭/૧૭૭૫

૬. અધિક્ષક ઇજનેરશ્રી,માર્ગ અને મકાન વર્તળ-૧, અમદાવાદનો તા.૨૦/૧૧/૨૦૧૭ના પત્ર ક્રમાંક: PB/DEPOSITE WORK/HMT/5186/ of2017

આમુખ :-

આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ ન્યુ ગુજરાત પેટર્ન હેઠળના કામોના આયોજન, અમલીકરણ, ગ્રાંટ ફાળવણી વગેરેના ધોરણો ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૧)માં જણાવેલ ઠરાવથી નિયત કરવામાં આવે છે. આ ઠરાવની જોગવાઈ મુજબ રાજ્યકક્ષાના કામો માટે ૧૦% રકમની જોગવાઇ રાજ્યકક્ષાએ કરવાની રહે છે. જ્યારે કામોની પસંદગી રાજ્કક્ષાની પસંદગી સમિતિ દ્વારા કરવામાં અવે છે. ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૩) થી ન્યુ ગુજરાત પેટર્ન વર્ષ ૨૦૧૭-૧૮માં ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી (જી.એસ.ટી.ઇ.એસ) હસ્તકની મુ.ચંદ્રાણા, તા.પોશીના, જિ.સાબરકાંઠા ખાતેની જી.એલ.આર.એસ. અને ઇ.એમ.આર.એસ શાળાની જમીન ફરતે કમ્પાઉન્ડ વૉલના બાંધકામના કામ માટે રૂ.। ૧૨૮.૯૬ લાખ મંજુર કરવામાં આવેલ છે.

સદરહુ બાબતે વહીવટી મંજુરી આપવા માટે ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૨)થી કમિશનરશ્રી, કમિશનર આદિજાતિ વિકાસની કચેરી તથા વંચાણે લીધેલ ક્રમાંક (૪) કાર્યપાલન નિયામકશ્રી, ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી, ગાંધીનગર તથા વંચાણે લીધેલ ક્રમાંક (૫) થી મદદનીશ કમિશનર, ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી એ ઉક્ત યોજનાની તાંત્રિક મંજુરી સહિતની પુન: દરખાસ્ત કરેલ છે. તથા વંચાણે લીધેલ ક્રમાંક (૬) થી અધિક્ષક ઇજનેરશ્રી,માર્ગ અને મકાન વર્તુળ-૧, અમદાવાદના તા.૨૦/૧૧/૨૦૧૭ના પત્ર ક્રમાંક: PB/DEPOSITE WORK/HMT/5186/ of 2017 થી ઉક્ત યોજનાને તાંત્રિક મંજુરી આપવામાં આવેલ છે.

ઠરાવ :-

આમુખમાં દર્શાવ્યા મુજબ ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ વર્ષ ૨૦૧૭-૧૮ ના રાજ્યકક્ષાના ફંડમાંથી ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી (જી.એસ.ટી.ઇ.એસ) હસ્તકની મુ.ચંદ્રાણા, તા.પોશીના, જિ.સાબરકાંઠા ખાતેની જી.એલ.આર.એસ. અને

ઇ.એમ.આર.એસ શાળાની જમીન ફરતે કમ્પાઉન્ડ વૉલના બાંધકામના કામ માટે રૂ.। ૧૨૮.૯૬ લાખ મંજુર કરવામાં આવેલ છે. જેને વહીવટી મંજુરી આપવાની બાબત સરકારશ્રીની સક્રીય વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે મળેલ તાંત્રિક મંજુરીને આધિન રહીને રાજ્યકક્ષાની સમિતીએ મંજુર કરેલ રૂ.૧૨૮.૯૬/-લાખની રકમની વહીવટી મંજુરી તેમજ ખર્ચ કરવાની મંજૂરી નીચેની શરતોને આધીન આથી આપવામાં આવે છે.

શરતોઃ-

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૯ના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.

(૭) આ યોજનાનું અમલીકરણ કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી, ગાંધીનગર એ સરકારશ્રીના ધારાધોરણ મુજબ કરવાનુ રહેશે.

(૮) પ્રવર્તમાન યોજનાનાં નોર્મ્સ અને સહાયની રકમમાં ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૯) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિ-૨૦૧૬ ની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) સદરહુ બાબતે ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૧) માં જણાવેલ ઠરાવો તેમજ આ અંગેના વખતો વખતના સરકારશ્રીના ઠરાવોથી નિયત કરવામાં આવેલ જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર માન.મંત્રીશ્રી, આદિજાતિ વિકાસ ની તા.૧૧/૧૦/૨૦૧૮ નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.આઇ.ઠક્કર)
ઉપ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

D:\swaraj\vahivati manjuri\tharav\NGP-102017-632-P.docx

- કમિશનરશ્રી (આ.વિ) બિરસા મુંડા ભવન, સે.૧૦-એ, ગાંધીનગર.
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી, બિરસા મુંડા ભવન, સે.૧૦-એ, ગાંધીનગર.
- નાણાંકીય સલાહકારશ્રી (આ.વિ.) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મહાલેખાકારશ્રી અમદાવાદ, રાજકોટ.
- મુકામી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વેબસાઇટ ઉપર મુકવાની વિનંતી સહ
- સેકશન અધિકારીશ્રી/છ શાખા (બજેટ),આ.વિ.વિ., સચિવાલય, ગાંધીનગર.
- પસંદગી ફાઈલ.